## યાદ રાખો કે શરમાશો નહિ, જો તમે નીચેનામાંથી કોઈ લક્ષણો ધરાવતાં હો તો ડોક્ટરને જણાવોઃ

- ☐ યોનીમાંથી અસામાન્ય રક્તસ્ત્રાવ થવો કે જાતીય સંબંધો પછી રક્તસ્ત્રાવ થવો કે રજોનિવૃત્તિ (મેનોપોઝ) પછી રક્તસ્ત્રાવ થવો, બે માસિક વચ્ચેના ગાળામાં રક્તસ્ત્રાવ થવો અથવા લોહીના ટીપાં પડવાં અને માસિક સ્ત્રાવ સામાન્ય કરતાં વધુ લાંબો ચાલવો અને વધારે થવો.
- ☐ યોનીમાંથી અસામાન્ય સ્ત્રાવ – આ સ્ત્રાવમાં કદાચ થોડું લોહી આવી શકે અને તે તમારા માસિકસ્ત્રાવો વચ્ચેના ગાળામાં કે પછી રજોનિવૃત્તિ (મેનોપોઝ) પછી થતો હોય.
- ☐ જાતીય સમાગમ દરમિયાન પીડાનો અનુભવ.

જો તમને ઉપર જણાવેલ અથવા અન્ય કોઇ લક્ષણો ધરાવતાં હોવ તો તરત જ તમારા ડોક્ટરનો સંપર્ક કરો અને દર ત્રણ વર્ષે પેપ ટેસ્ટ કરાવવાનું ખ્યાલ રાખજો. લક્ષણો દેખાય ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી.

American Cancer Society® Global

cancer.org

CBCC COMPREHENSIVE BLOOD & CANCER CENTER *Outsmarting Cancer*

Creation of this material was made possible in part by a pioneering grant from CBCC-USA.

©2009, American Cancer Society, Inc. No.011283
India Project

# શરમાશો નહીઃ

## તમારી તકલીફ, લક્ષણો અંગે તમારા ડોક્ટરને જણાવો



સી.બી.સી. સી. - યૂ.એસ.એ. તરફથી મળેલ પાયારૂપ અનુદાનમાંથી આ સામગ્રીની આંશિક રચના શક્ય બની છે.

નામઃ ____________________

India Cancer Initiative

Distributed by

Cancer Patients Aid Association
TOTAL MANAGEMENT OF CANCER

American Cancer Society®



ડોક્ટરઃ કેમ છો, શ્રીમતી મીના? અહીં આવવાનું કેમ બન્યું? આશા રાખું છું કે બધું ક્ષેમકુશળ હશે.

મીનાઃ હં, બસ એક નાનકડી સમસ્યા છે, ખાસ કશું નહીં...

સરલાઃ શરમાઈશ નહી મીના, શાંતિથી કહે

મીનાઃ તમને કેવી રીતે કહું સમજાતું નથી, પણ મને માસિક સ્ત્રાવ સંબંધી કંઈક તકલીફ હોય એવું લાગે છે.

ડોક્ટરઃ તમને શું તકલીફ છે તે જણાવો, જેથી હું તમને મદદ કરી શકું.

મીનાઃ એટલી જ તકલીફ છે કે મારો માસિક સ્ત્રાવ હવે વધુ ઓછા અંતરે, વધુ વખત આવે છે. ઓહ...આ બધું કેટલું ક્ષોભજનક છે

સરલાઃ એમાં ક્ષોભ પામવા જેવું કશુંક નથી. આ એક તબીબી તકલીફ છે, જેના અંગે તમારે ડોક્ટરને કહેવું જોઇએ, અવિરત દરરોજ રક્તસ્ત્રાવ થતો હોય તેવું પણ લાગે છે. ડોક્ટરઃ આવું કેટલા વખતથી થાય છે?

મીનાઃ લગભગ ચારેક મહિના થયાં. પણ માસિકસ્ત્રાવમાં સમસ્યા થતી હોય તેવી તો ઘણી બહેનોને હું જાણું છું.

ડોક્ટરઃ હા, સાચી વાત. પણ બે માસિકસ્ત્રાવ વચ્ચેના ગાળામાં અને અવિરત રક્તસ્ત્રાવ થવો તે સામાન્ય વાત નથી. હવે મારે તમને એક અતિઅંગત પ્રશ્ન પૂછવો પડશે, મીના. શું તમને જાતિય સંબંધ પછી રક્તસ્ત્રાવ થાય છે?

મીનાઃ હા, મારા ધ્યાનમાં એ આવ્યું છે.

ડોક્ટરઃ તો પછી તમારા કિસ્સામાં મારા ખ્યાલથી આપણે પેપ ટેસ્ટ કરાવવો જોઇએ, જેથી આપણે રક્તસ્ત્રાવનું કારણ શોધી શકીએ.

મીનાઃ પેપ ટેસ્ટ? એ કેન્સર માટેનું પરીક્ષણ છે એવું મેં સાંભળ્યું છે. શું તેનો અર્થ એમ થયો કે મને ગર્ભાશયના મુખનું કેન્સર છે?

ડોક્ટરઃ બહુ ચિંતા કરવાની કે ઘાંઘા થવાની જરૂર નથી. ખરેખર કયા પ્રકારની સમસ્યા છે તે શોધવા માટે પેપ ટેસ્ટ કરવામાં આવતો હોય છે. બને કે કેન્સર હોય જ નહીં, પણ ટેસ્ટ કર્યા સિવાય આપણે તે જાણી શકીશું નહીં.

મીનાઃ એ કેવી રીતે કરવામાં આવે છે તેની મને ખબર નથી. શું એમાં દુઃખે છે? શું તેનાથી વધુ રક્તસ્ત્રાવ થશે? શું તેના માટે મારે દવાખાનામાં દાખલ થવું પડશે?

ડોક્ટરઃ પેપ ટેસ્ટ કરાવવો ખૂબ સરળ છે. હું તમારી અંગત તપાસ કરીશ, એ દરમિયાન આઇસક્રીમની ચમચી જેવી દેખાતી એક નાનકડી પ્લાસ્ટિક અથવા લાકડાંની બુઠ્ઠી છરી જેવાં સાધનથી હું તમારા ગર્ભાશયના મુખના બહારના ભાગમાંથી નમૂનો લઈશ. આ નમૂનો હું પેથોલોજિસ્ટ પાસે મોકલાવીશ, જે તેને માઈક્રોસ્કોપ નીચે મૂકીને પરીક્ષણ કરશે અને પછી શું સમસ્યા છે તે આપણને જણાવશે. તેમાં જરાક પણ દુઃખશે નહીં, કદાચ થોડોક રક્તસ્ત્રાવ થઇ શકે. આ ટેસ્ટ અહીં ક્લિનીક પર જ માત્ર થોડીક મિનિટોમાં થઇ જશે.

મીનાઃ મને રિપોર્ટની ચિંતા થાય છે.

ડોક્ટરઃ મોટા ભાગે પેપ ટેસ્ટમાં સામાન્ય ચેપ અથવા સોજો હોવાનું જણાતું હોય છે. પણ ક્યારેક પેપ ટેસ્ટમાં અસામાન્ય કોષો પણ દેખાતા હોય છે. આ અસામાન્ય કોષો વધુ વિકસીને, પૂરેપૂરા કેન્સરમાં પરિણમે તે પહેલા પેપ ટેસ્ટથી તેમને શોધી શકાય છે. અને આ રીતે કેન્સરની પૂર્વાવસ્થામાં, જ્યારે તેનો ઉપચાર શક્ય હોય છે ત્યારે જ તેને શોધી નાખવામાં પેપ ટેસ્ટ આપણને સહાયરૂપ બને છે.

મીનાઃ આ ટેસ્ટ કેટલા રૂપિયામાં થાય છે?

ડોક્ટરઃ રૂ. 150-200/- માં પેપ ટેસ્ટ થતો હોય છે. કેટલીક હોસ્પિટલો તબીબી કેમ્પનું આયોજન પણ કરે છે, જ્યાં આ પ્રકારના ટેસ્ટ નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. પણ તમે તેને વધુ પાછો ઠેલશો નહીં, તમે લક્ષણ ધરાવો છો ત્યારે તો ખાસ તેને પાછો ન ઠેલવો જોઇએ.